


REIKI VIDYA NIKETAN
सर्वे: सन्तु निरामया:

# રેકિ બ્રહ્મ

વર્ષ - ૮ | અંક જુલાઈ, ૨૦૨૦

**આધ્યાત્મ...**
પોતાને મોક્ષનો માર્ગ બતાવીને મુક્ત કરે છે,
જીવનમાં કર્તવ્યની પૂરતી પણ તે જ શીખવે છે.




તંત્રી લેખ

# આધ્યાત્મ અને સંસાર વચ્ચેનો સંઘર્ષ

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે મનુષ્યે પોતાના સંસારમાં રસ અને તેમાં તેની ભૂમિકા પૂરી થાય પછી અધ્યાત્મના પ્રવાહમાં ઊંડું ઉતરવું. મોટા ભાગના લોકો સંસારમાં ડૂબેલા હોવાથી અધ્યાત્મ તરફ જોવાનું સુધ્ધા ટાળે છે, એટલે તેમને અધ્યાત્મનો ડર લાગે છે. અધ્યાત્મમાં ગયેલા માણસ સંસાર માટે નાલાયક ઠરે છે એવો કોઈ સિધ્ધાંત લોકો માને છે અને તેની પાછળનું શું તર્કશાસ્ત્ર છે એ મને કયારેય સમજાયું નથી.

આમ જોઈએ તો અધ્યાત્મ અને સંસાર એક બીજાથી અલગ નથી જ ફકત આપણા મને જ એવો એક ભેદભાવ તૈયાર કરેલો છે. આ બન્ને વચ્ચે દિવાલ આપણા મને જ ઉભી કરેલી છે અને તે તોડવા માટે આપણા મન ને જ દ્રઢતા તેમજ સમજ રાખવી જરૂરી છે. જેમ એકાદ છોકરો શાળાએ જાય છે તો તે શા માટે જાય છે, તો પોતાને જ્ઞાન અને અનુભવથીસમૃધ્ધ કરવા માટે પરન્તુ શાળામાં તેને કઈ વસ્તુ નું જ્ઞાન આપવામાં આવે છે? તો ભૌતિક વસ્તુનું, ભૂગોળ, ઈતિહાસ, નાગરિક શાસ્ત્ર, ગણિત, પદાર્થવિજ્ઞાન, રાસાયણિક વિજ્ઞાન, વિગેરેનુંપરન્તુ આ આપણા જીવનનાં બાહ્ય અંગો જ છે. કેવળ બાહ્ય અંગોના અભ્યાસથી મનુષ્યને કેવી રીતે જીવતા આવડશે? આ બધા બાહયઅંગોની પાછળ જે વસ્તુ છે તે અંતરંગની છે. તેમાં કલ્પના છે, વિચાર છે, ભાવના છે. આ બધી વસ્તુ વિના તેને સંસારિકકર્મો કરતા કેવી રીતે આવડશે? જેમ શાળામાં બહ્યાન્ગોનું વ્યવસ્થાપન શીખવાય છે તેમ અધ્યાત્મમાં અંતરંગનું વ્યવસ્થાપન શીખવાય છે. આ બન્ને સંભાળી શકાય તો અને તો જ મનુષ્ય એક સંતુલિત અસ્તિત્વ તરીકે આ દુનિયામાં જીવી શકે. આજની અસ્વસ્થતાનું કારણ જ માનવીની અસંતુલિત અવસ્થા જ છે ને?

આપણે જો અધ્યાત્મનો ઊંડો અભ્યાસ કરીએ તો સર્વ પંથોના, સંપ્રદાયનાઉપદેશોનો અભ્યાસ કરીએ તો ધ્યાનમાં આવશે કે કોઈ પણ ગુરુદેવ કોઈપણ શિષ્યને સંસાર છોડીને પોતાની પાછળ આવવાનો ઉપદેશ કર્યો નથી. પછી તે ગુરુચરિત્રનાધૌમ્યઋષિ હોય કે પછી પ્રત્યક્ષ શ્રીનૃસિંહ સરસ્વતી હોય.ધૌમ્યઋષિએ તેમના ત્રણેય શિષ્યોને બાર વર્ષની તપસ્યા પછી જ્ઞાનદાન કરીને ઉપદેશ કર્યોકે હવે સુખેથી ઘરે જઈને જવાબદારીપૂર્વક સુંદર રીતે સંસાર ચલાવો. શ્રીગુરુનૃસિંહસરસ્વતીએ પણ પોતાના લાડકા શિષ્ય સાયંદેવનેકહયું કે હવે મારા આશીર્વાદ છે કે તું સુંદર રીતે તારો સંસાર ચલાવ અને સંસારની સમગ્ર જવાબદારી પૂરી થાય પછી તું મારી પાસે આવજે અને મારી સેવા કરજે. પોતાના શિષ્યને સકારાત્મકતાનો ઉપદેશ દઈને તે સકારાત્મકતાથી સમગ્ર સમાજમાં પરિવર્તન લાવી એક સુંદર સમાજ તૈયાર કરવોએ જ બધા ગુરુઓની અપેક્ષા હોય છે, એ સમાજને સમજાતું નથી કે શું? મારા દિકરાને કે દિકરીનેશાંતચિત્તની સ્થિતિ પ્રદાન કરવાથી તે કે તેણી સરસ રીતે જીવન જીવી શકશે એવું આજના માતાપિતાને કેમ સમજાતું નથી? આ બન્ને વાત એક બીજાની પૂરક હોવા છતાં તે એક બીજાની મારક છે એવો અભાસ સમાજમાં કેમ તૈયાર કરવામાં આવે છે? અધ્યાત્મ અને સંસારિક જીવન વચ્ચે સંતુલન કરીને જીવનારો ભારતીય સમાજ સમગ્ર જગતમાં વંદનીય હતો જે બ્રિટીશોએ પોતાના સ્વાર્થ માટે ભૌતિક શિક્ષણને રવાડે ચડાવ્યો અને આપણી અધોગતિ શરુ થઇ. એ આપણી નજર સમક્ષ થયું હોવાથી આપણે, ફરીથી એકવાર તે દિવ્ય વિચારોને  જીવનમાં ઉતારવા માટે આપણે વિચારવું ન જોઈએ?  પોતાના લાડકા સંતાનો મૂળ ભ્રષ્ટાચાર થી ખરડાયેલાએન્જિનીયર કે ડોક્ટર બને તેના કરતાં એક આદર્શ નાગરિક બનાવવા એવું સ્વપ્ન હવે પાલકો કયારે જોશે એની જ પ્રતીક્ષા આપણે કરવી રહી કારણકે તે સ્વપ્નથી જ આવનારાસતયુગના મંડાણ થશે એ વાત નિશ્ચિત છે.

**અજીતસર**
(૧૨ જુન ૨૦૨૦)



# ગુરુચરિત્ર ગુરુપ્રેરણાથી

## (અધ્યાય ૪૦)

પ્રતિભાબેન ચોકસી, રોહિણીબેન જોશી રાજકોટ.

૩૯માં અધ્યાયમાં આપણે જોયું કે વૃધ્ધવંધ્યા સ્ત્રી પર ગુરુકૃપા થવાથી, તેમજ અશ્વત્થ વૃક્ષની પૂજા કરવાથી તેને સંતાન પ્રાપ્તિ થાય છે.

૪૦માં અધ્યાયમાં નરહરિ નામના એક કુષ્ઠ રોગી, વિપ્ર પર શ્રીગુરુ કૃપા કરી તેનો કુષ્ઠ રોગ દૂર કરે છે. શ્રીગુરુજયારેગાણગાપુરમાં રહેતા હતા ત્યારે નરહરિ નામનો આપસ્તંબશાખાનો, ભાર્ગવ ગોત્રનો એક કુષ્ઠ રોગી બ્રાહ્મણ શ્રીગુરુ પાસે આવીને તેમને તેના પર કૃપા કરવા વિનંતી કરે છે, અનેક પ્રકારે શ્રીગુરુ સ્તુતિ કરે છે. ત્યારે શ્રીગુરુ તેને કહે છે કે પૂર્વ જન્મમાં તે મહાદોષ કર્યા છે તેના ફળસ્વરૂપે તું આ જન્મે કુષ્ઠ રોગી થયો છે, હવે તારા પાપો દૂર થશે અને તું દિવ્ય શરીર ધારી થઈશ. એજ વખતે કોઈ ઓદુમ્બરનું ચાર વર્ષથી સુકાઈ ગયેલું લાકડું લઈને આવ્યું, તે જોઈને શ્રીગુરુ પેલા વિપ્રને આજ્ઞા કરે છે કે આ સુકાઈ ગયેલા કાષ્ઠને લઈને તું સંગમે જા, તેને ભીમા તીરે રોપી, અને સંગમે સ્નાન તથા અશ્વત્થ વૃક્ષની પૂજા કરીને, પાણીના બે કળશ ભરીને આ શુષ્ક કાષ્ઠને પર્ણ ફૂટશે ત્યારે તારા પાપનો દોષ જશે અને તું દિવ્ય શરીર ધારી બનીશ.

ગુરુ આજ્ઞા પ્રમાણે તે વિપ્ર તે શુષ્ક કાષ્ઠ ને લઈને સંગમે ગયો અને ભીમા તીરે તેને રોપી, ગુરુ આજ્ઞા પ્રમાણે સ્નાન કરી પૂજન, અર્ચન તેમજ અભિષેક કરવા લાગ્યો. ગામના લોકો તેને કહે છે કે તું આ વ્યર્થ પ્રયત્ન કરી રહયો છે, આ શુષ્ક કાષ્ઠને કદી પર્ણ ફૂટશે નહીં. ત્યારે વિપ્ર જવાબ દે છે ગુરુના વાકય મારે માટે કામધેનુ સમાન છે, ગુરુનુંવાકય મિથ્યા નહીં થાય અને મારા મનમાં એવો નિર્ધાર છે કે ગુરુનુંવાકય કયારેય અસત્ય નહીં થાય. પ્રાણ દઈને પણ હું ગુરુ આજ્ઞા પાળીશ અને મારા ગુરુના વચનો સાર્થક કરીશ. આમ કહીને તે શુષ્ક કાષ્ઠનો અભિષેક કરી, ઉપવાસી રહીને ચાલુ રાખે છે.

શ્રીગુરુના શિષ્યો તેમને પેલા વિપ્રના નિશ્ચયની વાત કરે છે, ત્યારે શ્રીગુરુ કહે છે કે જેવો ભાવ અંતઃકરણમાં હોય તેવી સિધ્ધિ અવશ્ય મળે છે. એ સમજાવવા માટે શ્રીગુરુશિષ્યોનેસ્કંદપુરાણની એક કથા કહે છે.

પૂર્વે પાંચાલ નગરમાં સિંહકેતુરાજાનેધનંજય નામનો પુત્ર હતો. એક દિવસ તે જંગલમાં શિકાર કરવા ગયો. રાજપુત્ર તુષાતુર થઈને અરણ્યમાં ભમવા લાગ્યો, તેની સાથે થોડા ભીલ દૂતો પણ હતા. તેઓ પાણીની શોધમાં અરણ્યમાં ફરતાં હતા ત્યારે તેમણે એક જીર્ણ શિવાલય જોયું જેમાં એક ખંડિત લિંગ જમીન પર પડયું હતું. આ લિંગ એક ભીલે ઉપાડી લીધું અને તે રાજપુત્રને લિંગ પૂજાની વિધિ પૂછવા લાગ્યો,

રાજપુત્ર તે શબરનેશિવલિંગની પૂજા વિધિ સમજાવે છે કે લિંગનો અભિષેક કરી, તેને પુષ્પો ચડાવવા, પછી ધૂપ દીપ કરી અને નૈવેધ્યધરાવો. નૈવેધ્યમાં ઘરમાં જે બન્યું હોય તે અને તેને ચિતા ભસ્મ પણ ધરાવી. આમ રાજપુત્રને ગુરુ બનાવી તેના ઉપદેશ અનુસાર તે શબર – શબરી નિત્ય શિવલિંગનું પૂજન – અર્ચન કરવા લાગ્યા. એક દિવસ તે ગામમાં ચિતા ભસ્મ ન મળી. તે આસપાસના ગામોમાં પણ ફર્યો છતાં તે ભસ્મ મેળવી ન શકયો. તે મનમાં વિચારે છે કે જો હું મારા ગુરુનો આદેશ નહીં માનું તો મારી અધોગતિ થશે. તેથી તે પોતાના પ્રાણ ત્યજવા તૈયાર થાય છે, જેથી તેની ચિતા ભસ્મથીશિવલિંગને નૈવેધ્ય ધરી શકાય.

ત્યારે તેની પત્ની કહે છે કે તમે ચિંતા શા માટે કરો છો? ચિતા ભસ્મ હું આપીશ. ઘરમાં લાકડા તો ઘણા છે, મારું દહન કરીને તમે મારી ભસ્મ શિવલિંગનેધરાવજો. શબર તેની પત્નીને તેના દેહનું દહન ન કરવા અનેક રીતે સમજાવે છે પરન્તુ તે તેના પતિને અનેક રીતે બોધ આપે છે અને તેના પતિને તેને દહન કરવા સમજાવે છે.

પછી શબરે તેનાં ઘરનાં દ્વાર બંધ કરીને લાકડા ગોઠવીનેશબરીનું દહન કર્યું અને તેની ભસ્મ લઈને તે ભક્તિભાવપૂર્વક શિવલિંગની પૂજા કરવા લાગ્યો. તે પૂજામાં એટલો તલ્લીન થઇ ગયો અને રોજની આદત મુજબ તેની પત્નીને પ્રસાદ લેવા બોલાવવા લાગ્યો. તે વિસરી ગયો કે તેની પત્નીનું તો દહન થઇ ગયું છે. પરન્તુ તેના બોલાવવાથી રોજની જેમજ શબરી પ્રસાદ લેવા આવી, અને પ્રસાદ લઈને તે હાસ્યવદને ઘરમાં ગઈ.

શબરને યાદ આવ્યું કે મેં જ આનું દહન કર્યું હતું, તો એ ફરીથી આવી કેવી રીતે? તે તેની પત્નીને પૂછે છે ત્યારે શબરી કહે છે કે તમે મને અગ્નિ લગાડ્યો કે તરત હું નિદ્રાધીન થઇ ગઈ હતી, મને કશીજ ખબર નથી. નક્કી ઈશ્વર આપણા પર પ્રસન્ન થયા છે. એમ કહે છે ત્યાં તો ભગવાન શિવ નિજ સ્વરૂપે પ્રસન્ન થયા અને અનેક વર દેવા લાગ્યા.

આમ કહેતાં શ્રીગુરુ કહે છે કે ગુરુ વાકયમાં જેને વિશ્વાસ હોય તેને આવું ફળ મળે છે મારા વાકયો પર વિશ્વાસ રાખી દ્વિજ જે રીતે શુષ્ક કાષ્ઠની સેવા કરે છે તેનું ફળ તેને અવશ્ય મળશે. ત્યારબાદ શ્રીગુરુસંગમે જવા નીકળ્યા, ત્યાં અનુષ્ઠાન કરીને પછી તે બ્રાહ્મણને મળવા આવે છે. તેનું અંત:કરણ જોઇને તેઓ તે વિપ્ર પર પ્રસન્ન થાય છે અને તેમના હાથમાં રહેલા કમંડળમાંથી ગંગાજલનો તે શુષ્ક કાષ્ઠ પર છંટકાવ કરે છે, તે જ ક્ષણે તે કાષ્ઠને પર્ણ ફૂટે છે. જેમ પારસમણીનો સ્પર્શ થતાં લોખંડ સુવર્ણ થાય તેમ શ્રીગુરુના અમૃતનો સ્પર્શ થતાં શુષ્ક કાષ્ઠ વૃક્ષ બન્યું. નરહરિ વિપ્રનો કુષ્ઠ ગયો અને તે સુવર્ણ દેહી નર બન્યો. તેનો કુષ્ઠનો રોગ દૂર થવાથી તે સંતુષ્ટ થઈને શ્રીગુરુને નમન કરી, મહાસ્તોત્ર રચીને શ્રીગુરુની સ્તુતિ કરે છે. આ ચમત્કાર જોઇને સમસ્ત લોકો વિસ્મય કરે છે. પછી શ્રીગુરુબ્રાહ્મણને પુત્ર, પૌત્રાદી, ગોધન, સુખ – સંપતિના આશીર્વાદ આપે છે અને તેને 'જોગેશ્વર' એવું નામ રાખે છે, અને 'વિદ્યાસરસ્વતી' મંત્રનો ઉપદેશ કરે છે.




**૧) ગુરુના વચનો પર વિશ્વાસ રાખી, ગુરુ આજ્ઞા પ્રમાણે જે વર્તે છે તેને ઈચ્છીત ફળ અવશ્ય મળે છે.**

**૨) શ્રીગુરુએનરહરિને શુષ્ક કાષ્ઠ આપ્યું, તેને રોપીને પાણી પાવાનુંકહયું, ત્યારે તેણે મનમાં શંકા- કુશંકા કર્યા વગર ગુરુવાકયને સત્ય કરવાનો નિર્ધાર કર્યો, જે ગુરુવાકયમાં પૂર્ણ શ્રધ્ધા સૂચવે છે.**

**૩) એવી રીતે શબર પણ ગુરુવાકયને સત્ય કરવા પોતાની જાતને દહન કરવા તૈયાર થયો જેથી તેની પૂજામાં – નૈવેધ્ય ધરવામાં ભંગ ન પડે, આમ ગુરુભક્તિનું આ ઉત્તમ દૃષ્ટાંત છે.**

**૪) અંતમાં શબર – પત્ની પણ પોતાનો દેહ ભસ્મ કરવા તૈયાર થાય છે અને જીવનની / શરીરની અનિશ્ચિતતાનો બોધ આપી જાય છે. તે એમ પણ સમજાવે છે કે શુભકાર્ય માટે મારો દેહ સમર્પિત કરીશ તો મારું જીવન સાર્થક થશે.**

**ટૂંકમાં જેવી ભાવના હોય તેવું ફળ મળે છે, અથવા તો તેવી સિધ્ધિ પ્રાપ્ત થાય છે.**

જયગુરુદેવ.

મુક્તાંગણ

# સ્થિત્યંતર..

કલ્પિતા કીર, દેવરૂખ



બ્રહ્મા વિષ્ણુ અને મહેશ, સૃષ્ટિના કર્તા અને ધર્તા, બ્રહ્મા નવનિર્માણ કરનારા, વિષ્ણુ આયોજન કરનારા, તો મહેશ લય કરનારા. આપણે કેટલીયવાર આ વાંચ્યુ હશે. બ્રહ્મા અને વિષ્ણુનું કાર્ય તો આપણને સમજાય છે. પણ મહેશનું કામ આપણે ઘણીવાર સમજી શકતા નથી. ખરું જોતાં આ ત્રણેયના કાર્યો અલગ છે એવું જણાય તો પણ તે એકબીજા સાથે જોડાયેલા છે. નિર્મિતિ –આયોજન-લય .. આ એક સંપૂર્ણ વર્તુળ છે. આપણે લયની પ્રક્રિયાથી ગભરાઈએ છીએ પણ લય થયા વગર નવનિર્માણ ક્યાંથી થાય?

આજે જ્યારે આપણે સમાચાર વાંચીએ કે નદીનું તળિયું દેખાવા લાગ્યું છે, દૂરના ડુંગરો જે પહેલા દેખાતા ન હતા (પ્રદૂષણને લીધે) તે સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યા છે, પશુ પંખીઓ સ્વતંત્ર રીતે વિહાર કરે છે, ત્યારે લાગે છે કે આ તો સ્થિત્યંતર છે. બદલાવ  ત્યારેજ શરૂ થાય જ્યારે સમજાય કે આપણે ક્યાં છીએ? અને ક્યાં જવાનું છે. અહીં એક વિરામની (pause) જરૂર હોય છે.

પણ કદાચ માનવી સુખની લાલસામાં રાચતો રહે છે, દોડતો રહે છે. આપણી ગતિ ઓછી થવાના કોઈ ચિન્હો દેખાતા ન હતા. આપણને વિરામ આપવા માટે ઈશ્વરે સંજોગો સર્જ્યા, અને જ્યારે બાહ્ય ક્રિયાઓ બંધ થઈ ત્યારે આંતરિક પ્રવાસ શરૂ થયો... વિશ્વના દરેક જીવનો... તેની અસર કુદરત પર થઈ, અને તેને નવજીવન મળ્યું. નદીઓ ફરીથી શુધ્ધ થઈને વહેવા લાગી. માનવી જે પોતાના કુટુંબથી દૂર થયો હતો તે ફરી નજીક આવ્યો. નાની નાની વાતોમાંથી સુખની અનુભૂતિ કરવા લાગ્યો. પોતાની સુપ્ત કળાને જીવવા લાગ્યો. તેમાંથી વિવિધ લેખ, ગીતો, ચિત્રકલાનો ઉદય થયો. દરેક જણ નવેસરથી પોતાને ઓળખવા લાગ્યો.

આ બધી પરિસ્થિતિમાં સાધકોની સાધના તેમનામાં સ્થિત્યંતર લાવવા ઈચ્છે છે. સોશલ મીડિયામાં એક સુંદર કવિતા વાયરલ થઈ. પંઢરીની યાત્રા. એક યાત્રી વિઠ્ઠલને પોકારે છે. અને તેના પોકાર પર વિઠ્ઠલે આપેલ સમર્પક જવાબ. પંઢરીની યાત્રાની સ્મૃતિઓથી હળવો  થયેલ યાત્રી. ટાળ, મૃદંગ, વીણા, કરતાલ, કપાળનો તિલક, તુલસીમાળા, પંઢરીનો માર્ગ, ચંદ્રભાગાનો કિનારો, ક્યાંક ખોવાય છે એવું તેને લાગે છે. ખરેખર પંઢરપૂર જનાર યાત્રી હોય, શિર્ડી, અક્કલકોટની યાત્રા કરનાર ભક્ત હોય અથવા આપણાં ગુરુના આશ્રમમાં નિયમિત સેવા માટે જનાર સાધક હોય. દરેકની સ્થિતિ સરખીજ છે. આ સ્થિતિમાંથી બહાર આવવાનો માર્ગ તે વિઠ્ઠલને પૂછે છે, અને વિઠ્ઠલ તેને જવાબ આપે છે.

જ્ઞાના નામ્યા તુકા (જ્ઞાનેશ્વર, નામદેવ, તુકારામ)|<br>
કિર્તને બોલ્યા|<br>
ભૂલ્યા કેં તેમની |  શિખામણો |

વારી નથી સાધ્ય | તે સાધન છે |<br>
અંતરની જ્યોતને  | જગાવો |

તે આપણને સમજાવવા માગે છે કે ઈશ્વર સુધી પહોંચવાના આ સાધનો છે. સગુણથી નિર્ગુણ તરફ જવાનો પ્રવાસ છે. અને તેથી સાધનમાં વધુ ન અટકવું. આંતરિક પ્રવાસની શરૂઆત કરવી, તે સાધનાનું આગળનું પગથિયું છે. એકવાર આપણે સાધનાનું આ પગથિયું ચડીએ, માનસપૂજાના સ્તરે પહોંચીએ, પછી ઈશ્વર પોતે આવીને તમને દર્શન આપશે તે નિશ્ચિત.. ઈશ્વરને અપેક્ષિત સાધકોનું સ્થિત્યંતર આજ હોવું જોઈએ....



## સ્વામીરાજ વૈદ હોય તો રોગ આપમેળે દૂર થાય..

# શ્રીધર બ્રાહ્મણનો પેટનો દુખાવો મટી ગયો.

કર્ણાટકનો શ્રીધર નામનો એક બ્રાહ્મણ પેટના દુખાવાથી હેરાન થઈને ગાણગાપૂરે આવ્યો અને શ્રીની સેવામાં રહેવા લાગ્યો. એક રાતે તેને સ્વપ્ન દ્રષ્ટાંત થયુ કે પ્રત્યક્ષ દત્ત મહારાજે યતિવેશ ધરીને તેને આજ્ઞા કરી કે "શ્રીપુરીના પાંદડાનો રસ કાઢીને તેમાં સૂંઠ અને સેંધવ મીઠું મેળવીને ખાઈશ એટલે તારા પેટનો દુખાવો મટી જશે." સવારે ઉઠતાંજ તેને આ સ્વપ્નની યાદ આવી પણ શ્રીપુરીનું વૃક્ષ એટલે કયું એની તેને ખબર ન હતી. તેણે ઘણાં વૈદ્યોને અને અનુભવી ગૃહસ્થોને પૂછ્યું પણ કોઈએ તેણે વૃક્ષ વિષે માહિતી આપી નહીં. તે બ્રાહ્મણ બિચારો ચિંતાગ્રસ્ત થઈને બીજે દિવસે મંદિરમાં સૂતો હતો ત્યારે ફરીથી શ્રીએ તેને દ્રષ્ટાંત આપ્યુ કે, "અક્કલકોટમાં પરમહંસ સ્વામી છે તે તને શ્રીપુરીનું વૃક્ષ બતાવશે."

સવારે તે અક્કલકોટની દિશાએ નીકળ્યો અને બીજે દિવસે અક્કલકોટ પહોંચ્યો. તે સમયે સમર્થ નવા કૂવા નજીક હનુમાનના ઓટલા પર બેઠા હતા. શ્રીસ્વામીના ચરણે નમન કરીને તે ત્યાંજ ઊભો રહ્યો. તેના મુખ તરફ જોઈને મહારાજ બોલ્યા, "અરે લીમડાના ઝાડને શ્રીપુરી કહે છે. તેનો રસ કાઢીને તેમાં સૂંઠ અને સેંધવનું મિશ્રણ કરીને ત્રણ દિવસ ખાઈશ એટલે તારી વ્યાધિ મટી જશે."

બ્રાહ્મણને આનંદ થયો. સ્વામીઆજ્ઞામુજબ દવા લેવાથી આઠ દિવસ પછી સાજો થઈને શ્રી સ્વામીની મહત્તા ગાતાં પોતાને ગામ પાછો ફર્યો.

**(સંદર્ભ: અક્કલકોટનિવાસી સ્વામીસમર્થ મહારાજ ચરિત્ર, લેખક : સ્વ. ગણેશ બલ્લાળ મૂળેકર, પૃષ્ઠ ૧૭)**



# ગૌ મહિમા

## એક વૈજ્ઞાનિક સત્ય

સંકલન: ધનંજય જોગ (બંગલોર)

વેદકાળના ઋષીમુનિએ સૌપ્રથમ વિશ્વને ગોસેવાનું મહત્વ સમજાવ્યું. ઘણા લોકો મુજબ આ ગોસેવાનો મર્મ સંપૂર્ણ વિશ્વને કહીને અમારા મનમાં ઋષિએ ગાય માટે પૂજનીય ભાવ જાગૃત કર્યો. આ પશુપૂજા વૈજ્ઞાનિક નથી એવું કહે છે. પણ આ યુક્તિવાદ તદ્દન ખોટો છે. આપણે જેમ પોતાની ઉપયોગીતાનાં દ્રષ્ટિકોણનો વિચાર કરીએ એવોજ વિચાર ઋષિમુનિઓએ કર્યો હોય એ સ્વાભાવિક છે. તે દ્રષ્ટિકોણથી વિચાર કરીને તેમણે સાબિત કર્યું કે, હિંદુસ્તાન માટે ગોસેવા લાભદાયક છે અને ગોસેવા એજ ધર્મ છે." તેથી ગોસેવા કરતાં કરતાં બને ત્યાંસુધી ગાયનો ઉપયોગ કરીને આપણે પોતાનું જીવન સુખી કરવું જોઈએ. વેદમાં એક વચન છે."સહસ્રધારા પયસા મહી ગૌ: " એવી ગાય કે જે સહસ્રધારથી દૂધ આપશે (ઋચા ૪.૩.૧૦) એનો અર્થ વેદકાળની ગાય ૧૦૦-૧૨૫ લિટર સુધી દુધ આપતી હોવી જોઈએ. તે ઋષિમુનિનો શું વિચાર હતો અને ગાય વિષે તેમની શું અપેક્ષા હતી તેનો આપણને ખ્યાલ આવશે.

આજકાલ ગાયનું દૂધ મળતું નથી એવી લોકોની ફરિયાદ હોય છે. એવું સંભળાય છે કે ગાયનું દૂધ કદાચ મળી રહેશે પણ ઘી માટે તો ભેંસની શરણે જવું પડશે. આપણાં પ્રાચીન વેદકાળના ઋષિને આ વાત સ્વીકારવી નથી. તે કહે છે,"યુયં ગાવો મેદયથા કૃશં ચિત (ઋચા ૬.૪.૧૪) એટલે, "હે ગાય, જેમનું શરીર સુંવાળા પદાર્થોની ઊણપથી સુકાયું છે અશક્ત થયું છે તેને તમે તમારા સુંવાળા પદાર્થોથી, જેને આપણે ફેટ કહીએ છીએ, ચળકતું અને મજબૂત કરો."એનો અર્થ એવો કે અશક્ત અને દુર્બળ માણસને નિરોગી અને બળવાન બનાવવા માટે આવશ્યક સુંવાળા ફેટસ ગાયનાં દૂધમાં પુષ્કળ માત્રામાં હાજર હોઈ શકે. જો હવે ગાયના દૂધમાં તેનું પ્રમાણ ઓછું હોય તો તે વધારવા માટે ગાયના ખાનપાનની વધારે કાળજી રાખીને અમારે પ્રયત્નો કરવા જોઈએ.

ફેટસની ઊણપ ગાયમાં નહીં પણ અમારી સેવા અને પ્રયત્નોમાં છે. આ વિચારનું સમર્થન કરવા માટે ઋષિઓએ ગાયનું આ રીતે વર્ણન કર્યું છે. "અશ્રીરં ચિત કૃણૂથા સુપ્રતીકમ "(ઋચા ૬.૪.૧૪)એટલે, જેનું શરીર શ્રીર છે તે ગાયને લીધે થાય છે. અહીંયા શ્રીર શબ્દનો અર્થ શોભાયમાન છે. એટલેજ ઋષિઓ એવું કહેવા માગે છે કે સત્વહીન અને કૃશ શરીરને ગાયનું દૂધ સશક્ત બનાવે છે. તે પરથી આપણને ખ્યાલ આવશે કે વેદકાળના ઋષિઓએ આપણને ગોસેવાનો જે પાઠ શીખવ્યો છે , તેમાં ગોસેવાનો ઉછેર અને ભરણપોષણ બંનેની દિશા બતાવી છે. એ દિશા અનુચિત પૂજા ભાવની નહીં પણ શુદ્ધ વૈજ્ઞાનિકતાની છે, જે અમને ગોસેવા કરવામાં નિરંતર માર્ગદર્શન કરતી રહેશે.



# સ્વામી વિવેકાનંદ અને ધ્યાન

(લેખાંક ૫)

અનુવાદક: શ્રી પ્રાંજલ જોશી, પુણે

સચેત રહો !

તળાવનીસપાટી પર આવનારા પાણીના તરંગો અથવા મોજા. આ તરંગો જ્યારે ઓછા થાય અને પાણી શાંત થાય, બસ ત્યારેજ આપણને પોતાના તળાવનું તળિયું દેખાઈ શકે. હા ! પણ ધારો કે પાણી અશુધ્ધ હોય તો? એટલે પાણી સ્વચ્છ હોય અને તેમાં તરંગ સર્જાતા ન હોય તો આપણે પાણીનું તળિયું જોઈ શકીએ.

આ તળાવનું તળિયું એટલે પોતાનું સાચું રૂપ. તળાવ એટલે આપનું ચિત્ત અને તેમાં  સર્જનારા તરંગો એટલે વૃત્તિ (વિચારોના તરંગો)  અથવા વલણ. આ વૃત્તિ ત્રણ પ્રકારની છે. તેમાંથી પહેલી અજ્ઞાન અથવા અંધકાર, જેને તમ અથવા તમસ પણ કહેવાય છે, આ પશુસમાન અને મૂરખ વૃત્તિ છે. આ વૃત્તિ ફક્ત અહિત સાધ્ય કરી શકે છે. ઈજા અથવા હાનિ કરવી, તે સિવાય બીજો કોઈપણ વિચાર આ અવસ્થામાં આવતો નથી. બીજો પ્રકાર એટલે રાજસ વૃત્તિ. સક્રિય મનની અવસ્થા. જેનો મુખ્ય હેતુ સત્તા-અધિકાર મેળવવો, એશ કરવી, અને ઉપભોગ લેવા સુધી મર્યાદિત છે. "મને તાકાત મળશે અને બીજા પર હક્ક જમાવીશ." એવો વિચાર રાજસ વૃત્તિ કરે છે. હવે ત્રીજી અવસ્થા છે 'સાત્વિક', જે નિર્મળ, શાંત અને આનંદની અવસ્થા છે. આ એજ અવસ્થા છે જેમાં તરંગો શાંત થાય છે અને મનના તળાવનું પાણી શુધ્ધ થાય છે. જાણે માનસ સરોવર!

## મનનું નિયમન:

ધ્યાન કરવું એ મનમાં હંમેશા સર્જાતી વિચાર લહેરોનું નિયમન કરનારું એક સર્વોત્તમ સાધન છે. ધ્યાન કરવાથી આ મનની લહેરો વશમાં થાય છે. નિયંત્રિત થાય છે, અને જો તમે દરરોજ, વર્ષોથી,ધ્યાનનો અભ્યાસ કરશો, જેથી ધ્યાન કરવું એ તમારી પ્રાકૃતિક/સ્વાભાવિક ટેવ બની જશે. ત્યારે આપમેળેજ ગુસ્સો અને ઈર્ષાપર નિયંત્રણ આવશે અને તમારી વૃત્તિ સંયમિત થશે.

## ખુશ રહો:

આપણાં અધ્યાત્મિક થવાનો પહેલો સંકેત એજ કે આપણે ખુશ થઈએ છીએ. ગંભીર અથવા હતાશ ચહેરો અધ્યાત્મિકતાનું લક્ષણ નથી. કોઈને અપચો થાય તો તેના ચહેરાપર એવા ભાવ હોય છે. અધ્યાત્મિક થયા પછી તો નહીં જ.

ખરા આધ્યાત્મિક માણસને ચારે બાજુ  આનંદ દેખાય છે. તેની સામે આવતો દરેક ચહેરો અને દરેક વ્યક્તિ તેને ખુશી આપે છે. હતાશ, ઉદાસ, દુ:ખી અથવા ગંભીર હોય તે દિવસે ઘરે બેસો. બહાર નિકળશો નહીં. કારણકે ચહેરાપર આવા ભાવ લાવીને આ ઉદાસીનતાનો રોગ બહાર કેમ લઈ જાવ છો? તે અધિકાર તમને કોણે આપ્યો?
(ક્રમશ:)

# ભય અને કવચ

**સંકલન: સૌ. સવિતા કર્ણિક**
**મૂળ લેખક : સ્વ.શ્રી નાગેશ કરંબેળકર**

પરમ અર્થના ૩૬૫ દિવસ નામના પુસ્તકમાંથી લીધેલી નોંધ રેકિબ્રહ્મના વાચકોને ગમશે.

મહારાજના નામનો જાપ કરનારને તેમના નામશક્તિનું અભય કવચ મળે છે. કોઈપણ મુશ્કેલીમાંથી બહાર આવવાની શક્તિ અને હિંમત મળે છે. જે પ્રપંચ અને પરમાર્થ સહજરીતે પાર પાડે છે તેને માતબર કહ્યું છે. એવા માતબર જીવ પર ઈશ્વર અને ગુરુનો વિશેષ અનુગ્રહ હોય છે. જો આ વાત સાચી હોય તો પણ પ્રપંચ અને પરમાર્થને ક્યારેક તો વિઘ્ન નડતું હોય છે. તેનો મુકાબલો તે માતબર જીવ હિંમતથી કરી શકે છે. તેનું કારણ પરમાર્થની શ્રધ્ધાથી  કરેલ માર્ગક્રમણાથી મળેલ આત્મવિશ્વાસ છે. આવા જીવપર ઈશ્વર અને ગુરુનો વરદહસ્ત હોય છે.

આપણાંમાં ષડરિપુ હોય છે. આ ષડરિપુમાંથી “મદ” હાથી જેવડો મોટો વિકાર છે. આ વિકાર ક્યારે, ક્યાં, કેવી રીતે અને કયા કારણથી ઉદભવે તે કહેવાય નહીં. તેના તોફાનથી વૃત્તિ, ભાવ-ભાવના, સંકલ્પ વિકલ્પમાં મોટો ગભરાટ થાય છે અને અનર્થ થવાનો ડર પેદા થાય છે. આ સમયે ઈશ્વર અને ગુરુ જીવને પૂર્વ સંકેતથી સચેત કરે છે. ત્યારે જીવ મનને શાંત રાખીને સાધનાની તીવ્રતા વધારીને આ ઉદભવેલા “મદ” વિકારને શાંત કરી શકે છે. શ્રી સ્વામીનું આરોગ્ય કવચ રોજ વાંચવાથી ષડરિપુનું ભય રહેતું  નથી.

**(ભાવાર્થ: જ્યારે ચિત્તમાં નિરાશા આવે, રોગવ્યાધિ નડે, આપઘાત થાય, વિષય વાસનામાં મન લિપ્ત થાય, મનમાં ક્રોધ ઉદભવે, મન મોહ, મદ, ઈર્ષામાં આંધળું થાય, ષડરિપુ જ્યારે મન પર કબ્જો જમાવે ત્યારે 'સમર્થ જય જય સમર્થ ' નો જાપ કરતાં બધા દુર્ગુણો પર અંકુશ મેળવી શકાય.)**

અનંત કોટી બ્રહ્માંડ નાયક
રાજાધિરાજ યોગીરાજ
સચ્ચિદાનંદ સદ્‌ગુરુ
શ્રી સ્વામી સમર્થ મહારાજની જય
અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત



## તે કવચ નીચે પ્રમાણે છે:

ન ચિત્ત કધીહી ચળો, નચ કધી નિરાશા કળો |
“સમર્થ જય જય સમર્થ “ મ્હણતાસદ્‌ભક્તિ મિળો ||

વિશુધ્ધ મન રાહુ દે સતત યા ઉભ્યા જીવની |
'સમર્થ જય જય સમર્થ' જપ હા વસો તનુમની ||

ન રોગવ્યાધિ જડો, નચ પિશાચ્ચ બાધા જડો |
ન ઘાત અપઘાત હો સકલ દુર્ગતીહી ઝડો |

કિતી જડવિલ્યા મના વિષય વાસના અંત ના |
'સમર્થ જય જય સમર્થ' મ્હણતા ઉરે અલ્પ ના |

ઊઠે ભડકુની, ઝણી મન્મની, ક્રોધ જ્વાળેપરી અલ્પ ના |
'સમર્થ જય જય સમર્થ' મ્હણતા બુઝે અંતરી ||

મદાંધ ગજ હા જસા ફિરતસે તસા હિંડલો |
'સમર્થ જય જય સમર્થ ' મ્હણતા સરળ ચાલતો ||

સદૈવ મી આંધળા, મજસી મોહ ગ્રાસે પૂરા |
'સમર્થ જય જય સમર્થ' મ્હણતા નિરાસે પૂરા |

તુડૂંબ મન હે ભરે મત્સરે વિનાકારણે |
'સમર્થ જય જય સમર્થ' મ્હણતા પડે ત્યાં ઉણે ||

સુટે નચ તૂટે કધી સતત વાઢતા લોભ હા |
'સમર્થ જય જય સમર્થ' મ્હણતા વિરે હા પહા ||

અસે ષડરિપુ મલા છળતી પોળતી અંતરી |
'સમર્થ જય જય સમર્થ' મ્હણતા શમતી સત્વરી ||



રેકિશિબિરની બોધકથા (૪૩)

# પ્રારબ્ધની કથા

એકવાર ભગવાન મહાદેવ દેવી પાર્વતી સાથે આકાશમાં વિહાર કરતાં હતા. માતાનું ધ્યાન પૃથ્વીપર ઘટતી ઘટનાઓ તરફ હતું. એક જગ્યાએ તેમને એક ગરીબ માણસ દેખાયો. તે માણસની દેવીને દયા આવી અને તે મહાદેવજીને બોલ્યા, "મને તે માણસની ખૂબ દયા આવે છે. તેનાપર તમે કૃપા કરો." મહાદેવજીએ હસીને જવાબ આપ્યો," આ જન્મમાં ગરીબ રહેવાનું તેના પ્રારબ્ધમાં લખાયું છે. તેથી આપણે કેવી રીતે તેનાપર કૃપા કરી શકીએ ?"પાર્વતીદેવીએ જીદ કરી અને બોલ્યા, "એવું કેમ કરો છો?તેને વરદાન આપી જુઓ." શિવજી બોલ્યા, "સારું. હું શું કરું?" દેવીએ જવાબ આપ્યો, "તેના માર્ગપર સોનામહોરો ફેલાવી દઈએ. તે માણસ ઉપાડશે અને તેની ગરીબી દૂર થશે."

મહાદેવે તેના માર્ગપર સોનામહોર ફેલાવી. તે માણસ રસ્તેથી ચાલતો હતો. તેની જમણી બાજુએ સોનામહોરનો ઢગલો હતો. પરંતુ પોતાનીજ ધૂનમાં ખોવાયેલ તે માણસને ઢગલો દેખાયો નહીં. તે આગળ જતો રહ્યો. મહાદેવે પાર્વતીજીને તે બતાવ્યુ અને કહ્યું, "જુઓ, હું કહેતો હતો. તેના પ્રારબ્ધમાં નથી તો તે પણ શું કરે ?" દેવી બોલ્યા, "આ બરાબર નથી. તમે તેની જમણી બાજુએ ખૂબ દૂર સોનામહોર મૂકી તેને દેખાઈ નહીં. તે માટે તે પોતે અને તેનું પ્રારબ્ધ કેવી રીતે જવાબદાર? તમે તેની નજર સામેજ સોનામહોર મૂકો, પછી જુઓ ." ભગવાન મહાદેવ ફરી હસીને બોલ્યા, "એવું કરીશું" તેમણે સોનામહોર તે માણસના માર્ગપર સામેજ મૂકી, જ્યાં તે માણસ હવે ચાલવાનો હતો." તેજ વખતે તે માણસના મનમાં આવ્યું કે નેત્રહીન લોકો કેવી રીતે જીવતા હશે? રસ્તાપરથી કેવી રીતે ચાલતા હશે? મારે તેનો અનુભવ કરવો પડશે " એવું મનમાં બોલીને તેણે આંખો બંધ કરી અને ચાલવા લાગ્યો. તે સોનામહોર સામે આવ્યો ત્યારે તેની આંખો બંધ હતી. ફરી તક જતી રહી. હવે પાર્વતીદેવીએ જીદ કરી અને બોલ્યા, "આ પણ બરાબર ન હતું. તેને નેત્રહીન લોકોની દયા આવી અને તેમની અવસ્થાનો અનુભવ કરવા તેણે પોતાની આંખો બંધ કરી. તેમાં તેનો શું વાંક ? તમે તેના પગ પાસેજ સોનામહોર મૂકી હોત તો આંખો બંધ હોવા છતાંય તેને મહોરની ઠોકર વાગી હોત. હવે એવું કરીને જુઓ."

ભગવાન મહાદેવે હવે સોનામહોર તેના પગ નજીક મૂકી. હવે ફક્ત એક ડગલું અને તેને સોનામહોર મળી હોત. હજી તે માણસના મનમાંથી નેત્રહીન લોકોનું દુ:ખ દૂર થયું ન હતું. તેને એવું લાગ્યું કે,"હવે મને સમજાયું કે નેત્રહીન લોકો કેવી રીતે ચાલતા હશે. પણ સામે જો માટીનો ઢગલો આવે તો તેઓ શું કરતાં હશે. તેનો પણ મારે અનુભવ કરવો જોઈએ." એવું બોલીને તેણે તે સોનામહોરના ઢગલા પરથી કૂદકો માર્યો, પછી તેણે આંખો ખોલીને જોયું તો તેને સોનામહોર દેખાઈ નહીં, કારણ કે તે તેની પાછળ હતી. આ જોઈને પાર્વતીમાતાએ મહાદેવને કહ્યું, "તમારી વાત બરાબર હતી. તેને આટલીવાર તક મળવા છતાંય તે એકપણ તકનો લાભ લઈ શક્યો નહીં. છેવટે આ પ્રારબ્ધનો ખેલ છે."

**તાત્પર્ય:**
પ્રારબ્ધમાં જેટલું લખાયું છે એટલુંજ માણસને મળે છે. ઈશ્વર અથવા ગુરુ ગમે તેટલા વરદાન આપે છતાંય તે તરફ ધ્યાન જતું નથી અથવા અહંકારથી આંધળાપણું આવે એટલે સામે હોવા છતાંય દેખાતું નથી.

# તારું એક સ્મિત

- ડૉ. જયકિશન તોલારામાની



શિશુ સમાન નિર્દોષ અને
ફુલો સમાન કોમળ એવું...તારું એક સ્મિત

ઘોર અંધારી રાતમાં
બીજ ના ચંદ્ર જેવુ શિતળ..તારું એક સ્મિત

ફુરસદની મારી ક્ષણોમાં
મને એકલા-એકલા હસાવતું..તારું એક સ્મિત

નથી થાકતો હું ગમે તેટલા કામથી
થાક બધો ક્ષણમાં ભગાવતું..તારું એક સ્મિત

મારી જીંદગીની બધી મુડીને
ક્ષણભરમાં કોડીનું બનાવતું...તારું એક સ્મિત

દુનિયાની ગમે તેવી મુશ્કેલીઓ
વચ્ચે મને કાયમ બળ આપતું...તારું એક સ્મિત

સમજાવવા તને લખી આ કવિતા
કે કેટલું જરુરી છે મારા માટે...તારું એક સ્મિત





# રેકિનો અનુભવ

- કિશોર પંડયા,, ભાવનગર

**"શ્રદ્ધા જ મારી લઈ ગઈ, મંઝિલ સુધી મને,
રસ્તો ભૂલી ગયો, તો દિશાઓ ફરી ગઈ !!"**

તા.૭ જૂનથી ૯ જૂન ત્રણ દિવસ બેકપેઇન રહ્યું. અવારનવાર થતું હોવાથી દવા લીધી નહીં. તા.૧૦ ના ઓર્થોપેડિક સર્જનને બતાવ્યુ. બ્લડ-યુરીનટેસ્ટ કરી ૧૦ દિવસની દવા લખી આપી. સતત ત્રણ દિવસ દવા લેવાથી દુખાવો મટવાને બદલે વધવા લાગ્યો. અને સંપૂર્ણ શરીર જકડાઈ ગયું. દવા બંધ કરી. બીજા ઓર્થોપેડિક સર્જનની એપોઈંટમેંટ પાંચ દિવસ પછીની મળી. તા.૧૩ થી ૧૭ જૂન (૫દિવસ) ખુબજ પીડા ભોગવી. પથારીવશ રહ્યો. તા.૧૮ ના એક્સ રે લીધો અને ૧૦ દિવસની દવા લખી આપી. બે દિવસ દવા લેવાથી રાહત જણાવા લાગી. પરંતુ ત્રીજા દિવસે સવારે સ્નાન કરી બાથરૂમમાંથી બહાર આવ્યો ત્યારે ડાબો પગ ધ્રૂજવા લાગ્યો. બે થી ત્રણ કલાક માં તો સંપૂર્ણ રીતે 'સુન' થઈ ગયો એવું જણાવા લાગ્યું. જાણે સંપૂર્ણ ડાબા પગમાં ખાલી ચડી ગઈ હોય. સાંજ સુધીમાં તો સંપૂર્ણ પગ ખોટો પડી ગયો. ડોક્ટરને જણાવ્યુ તો M.R.I. કરાવવાનુંજણાવ્યુ.

એક દવા વધારે લખી આપી. દવા પૂરી થયા પછી રિપોર્ટ જોઈ ૨૦ દિવસની દવા લખી આપી અને જણાવ્યુ કે, જો આ દવાથી ફરક ન પડે તો ઓપરેશન કરવું પડશે. ૧૦ દિવસ પછી તપાસ કરી સ્પષ્ટ રીતે અભિપ્રાય આપી દીધો કે, ઓપરેશન વગર ફાયદો થશે નહીં. અને તે પણ એક થી દોઢ મહિના સુધીમાં ત્યાર પછી નસોસુકાવા લાગશે તો ઓપરેશનથી પણ ફાયદો થશે નહીં.

ઘેર આવી નિર્ણય લીધો. કોઈપણ સંજોગોમાં ઓપરેશન કરાવવું નથી. રેકી સાધક ચંદ્રેશભાઈપરમાર (વડોદરા) ને ફોન દ્વારા વિગત જણાવી. તેમની પાસેથી જાણવા મળ્યું કે, ગુરુજી અમેરિકા છે. તમે રિપોર્ટ મને વોટસઅપ થી મોકલો હું અહીથીગુરુજીને બધુ જણાવું છું.

ગુરુજીનો તુરંત જવાબ આવ્યો કે, ઓપરેશન કરાવશો નહીં. ફૂલ બોડી રેકી અગ્નિહોત્રનીભસ્મનો મલમ બેકમાં ગાદી પર લગાવી,ગ્રૂપ રેકી ૨૧ દિવસ શરૂ કરો.

બીજા દિવસે ગુરુવારથીગ્રૂપ રેકી, મારો પુત્ર ઋષિકેશ, દિપ્તીબેન ગોહિલ અને બિંદિયાએ આપવાની શરૂ કરી. પ્રથમ ૭ દિવસ દરમિયાન દીવાલનો ટેકો લઈ ઘરમાં ચાલવા લાગ્યો. બીજા ૭ દિવસ બાદ એટલે કે ૧૫ દિવસ પછી ચાલવામાં થોડી સ્પીડ આવી અને ૨૧ દિવસ પૂરા થયા ત્યારે ઘરમાં તેમજ બહાર સ્ટિક સાથે ચાલવા લાગ્યો.


ફરી ડોક્ટરની એપોઈંટમેંટ લઈ બતાવવા ગયા. તપાસ કરી ૬૦ થી ૭૦ % રાહત થઈ છે એવું જણાવ્યુ. હવે ઓપરેશન કરવું નહીં પડે અને ફરી બતાવવા પણ આવવાની જરૂર નથી તેવું જણાવ્યુ.

સાધક મિત્રો !!
જે કઈ બન્યું એ મારા જીવનની યાદગાર ઘટના રહેશે. એટલા માટે કે જે કઈ બન્યું તે સંપૂર્ણનો મે અનુભવ કર્યો છે. અને વિશેષ આનંદ એ વાતનો રહેશે કે, હવેથી રેકી શું કરી શકે છે એ મારા અનુભવ દ્વારા જણાવી શકીશ.
છેલ્લે મારા હૃદયની વાત જણાવું તો, સ્વામી કૃપા- ગુરુજીનો સંકલ્પ અને રેકી ચિકિત્સા આ ત્રિવેણી સંગમ દ્વારાજ અશક્ય શક્યમાં પરિવર્તન પામેલ છે.
જય ગુરુદેવ

# આશ્રમવાર્તા

## (૧) લોકડાઉન વચ્ચે યોજાયેલ શિક્ષણવર્ગ:

ગયા માહિનામાં આપણે જોયું કે સામાન્ય માણસ માટે લોકડાઉન કંટાળાજનક હોય તોં પણ આપણા સાધકોએ દરેક દિવસ રેકિ શિબિર અથવા ધ્યાન શિબિર હોય એવો વિતાવ્યો. એપ્રિલ અને મે ની જેમજ જૂન મહિનો વ્યસ્તતામાં પસાર થયો. 'રે ઓફ હોપ" (આશાની કિરણ) ઝૂમપરનો આ કાર્યક્રમ લોકોની ચર્ચાનો વિષય બન્યો છે. દર સોમવારે જર્મન વૈજ્ઞાનિક ડો.ઉલરીચ બર્કનો અગ્નિહોત્રનો વર્ગ, બુધવારે રસપ્રદ ભાષામાં યોજાનારો રાજ સિન્નરકરનો યોગ વર્ગ અને શુક્રવારનો રેકિ વર્ગ બધા માટે તહેવાર છે એવું માનીએ તો અતિશયોક્તિ નહીં કહેવાય. દર ગુરુવારે યોજાનાર ગુરુજીનો "શ્રી ગુરુચરિત્ર અભ્યાસ વર્ગ " હવે ગતિમાન થયો છે. તેમાં રેકિ વિદ્યા નિકેતન તરફથી યોજાયેલ પ્રથમ શ્રેણીના વિદ્યાર્થીઓ માટે "અભ્યાસ વર્ગ સપ્તાહ'તો આ મહિનાનું ચરમબિંદુ માની શકાય. હિન્દી અને અંગ્રેજીમાં યોજાયેલ આ વર્ગે, સાધકોની પ્રથમ શ્રેણીના શિબિરની યાદોને વાગોળી.








## (૨) અગ્નિહોત્ર ઉપર આંતરરાષ્ટ્રીય ચર્ચાસત્ર:

રેકિ વિદ્યા નિકેતનની પહેલથી ૧૨ જૂન થી ૧૫ જૂન વચ્ચે એક નવતર પ્રયોગને ઓપ અપાયો. "અગ્નિહોત્રપરનું આંતરરાષ્ટ્રીય ચર્ચાસત્ર"જર્મની, અમેરિકા, પોલૈંડ, ઓસ્ટ્રેલીયા, પેરુ જેવા દેશોના ૧૨ વૈજ્ઞાનિકોએ તેમાં ભાગ લીધો. આ ચર્ચાસત્રમાં અગ્નિહોત્રના વિવિધ પાંસા અને તેનો માનવી જીવનના ઉત્કર્ષ માટેનો ઉપયોગ વિગેરે બાબતોની ચર્ચા કરવામાં આવી. વિશ્વશાંતિની દિશા તરફનું એક પગલું માની શકાય.




## (૩) અમેરીકામાં યોજાનારી બાળક અને યુવા શિબિર:

એપ્રિલ અને મે ૨૦૨૦માં છ ઓનલાઈન શિબિરની સફળતા, પછી દેવરૂખ સ્પિરિચ્યુયલ પ્રોવેસ પ્રા.લી. આ સંસ્થાએ હવે અમેરીકામાં પોતાના કાર્યક્રમોની શરૂઆત કરી છે. ગયા વર્ષના 'ન્યુ જનરેશન ડેવલપમેન્ટ', અમેરિકાના આપણાં સાધકોની સંસ્થાએ આયોજિત કરેલ શિબિરની સફળતા ધ્યાનમાં લેતા 'મિડલપાથ ૧,૨ અને સ્ટ્રોંગ ૧"ના જુથ માટે ઓનલાઈન શિબિર યોજાવા જઈ રહ્યું છે. ૯ જુલાઈથી શરૂઆત થનાર આ શિબિરો ૨૦ જુલાઈ સુધી ચાલશે.




## આશ્રમ સ્પંદન:



આજકાલ કોરોનાએસહુના ઘરો બંધ કરીને રાખ્યા છે. તેથી આપણે કોઈજ આશ્રમમાં જઈ શકતા નથી. પરન્તુકોરોનાનીમઝલ અહીં પર્યંત છે કારણકે, પેલેપારની ઊર્જા છે ગુરુતત્વની! જે કોરોનાનાનિમિતેસહુનેસ્વત્તત્વ તરફ લઈ જાય છે. પોતાના લાડકા બાળકો માટે તે શક્તિ ઘરે ઘરે પહોંચે છે. ઓનલાઈન સેશન દ્વારા ગુરુજીએપ્રત્યેકના હૃદયમાં આશ્રમના સાત્વિક સ્પંદનોજગાવ્યા. તે માટે આપણા સહુનાપ્યારાગુરુજી, અજીત સરને ખૂબ ખૂબ ધન્યવાદ!

ગુરુજીનેવીડીયોનામાધ્યમથી જોવા, તેમને પ્રશ્નો પૂછતા, એ વખતે આપણે આશ્રમના મૈત્રી રૂમમાં બેઠા હોઈએ એવું લાગે છે. શ્રીગુરુજીએ 'ગુરુચરિત્ર' દ્વારા સર્વ ભક્તોનું કલ્યાણ કર્યું. ગુરુચરિત્રમાં રહેલા અનેક ગુઢાર્થ સમજાવીને ગુરુજીએ આપણા સહુનું શુધ્ધિકરણ કર્યું. ગુરુમહિમા તેટલા પૂરતો મર્યાદિત ન રહેતા તે આજેપણ પોતાના સાધકો માટે નિરંતર કાર્ય કરતો રહે છે, એ સહુ જાણે જ છે.

એવા જ એક સેશનમાં પોતાની વ્યથા કહેતા એક સાધિકાએગુરુજીનેકહયું કે બહારની જે સ્થિતિ છે તે જોતાં આપણા હાથમાં કશું જ નથી એવું લાગે છે. ત્યારે ગુરુજી બોલ્યા, "એવું કેમ કહો છો? આપણા હાથમાં સ્વામીનો હાથ છે. આપણે ફકત તે હાથને પકડીને ટકી રહેવાનું છે. સ્વામી જેનો હાથ પકડે છે તેનો હાથ કદી પણ છોડતા નથી. તારકમંત્ર યાદ કરો... તેમાં છેવટની પંક્તિમાં તેમણે એ રીતે જ પૂર્ણ કરી છે" ન સોડતીતયા જયા સ્વામી ઘેતીહાતી : ગુરુજીના આ શબ્દો સાંભળીને રોમ રોમમાં રોમાંચ થયો.